# કોંગ્રેસ પક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, પહેલો માળ, ગાંધીનગર.

<u>અખબારી યાદી</u> <u>તા. ૨૩-૦૮-૨૦૨૪</u>

- ગુજરાતને ઉડતા ગુજરાત બનતું અટકાવો: અમીત ચાવડા
- ગુજરાતના યુવા ધનને દારૂ ડ્રગ્સથી બરબાદ થતા બચાવો: અમીત ચાવડા
- હપ્તાખોરીમાં રાચતી સરકાર લાજવાને બદલે ખોટી ગાજે છે: અમીત ચાવડા
- ગુજરાતમાં ડ્રગ્સથી બરબાદ થતા યુવાધનને બચાવવા એક દિવસ વિધાનસભામાં ચર્ચા રાખો, ચર્ચાનું જીવંત પ્રસારણ કરો: અમીત ચાવડા
- મુખ્યમંત્રીને ડ્રગ્સના ખુલ્લેઆમ વેપાર અને કાયદો- વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે ચર્ચા કરવા પડકાર : અમીત ચાવડા
- ગૃહ રાજ્યમંત્રી નિયમ ૧૧૬ નીચે એકતરફી ચર્ચા કરીને પોતાની નિષ્ફળતાઓ છુપાવા માંગે છે, આખા દિવસની ચર્ચા અને જીવંત પ્રસારણ માટે કોંગ્રેસ તૈયાર: અમિત ચાવડા

વિધાનસભા ખાતે પ્રેસ મિડિયાને સંબોધન કરતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "ત્રણ દિવસના વિધાનસભાના સત્રમાં ગુજરાતની જનતાની તકલીફ, પીડાઓ, સમસ્યાઓને વાચા આપવા માટે. સરકારના ગેરવહીવટ અને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા માટે ધારાસભ્યો રજૂઆત કરે, તેના માટે પુરતી તક મળવી જોઈએ પણ પોતાનો ગેરવહીવટ,ભ્રષ્ટાચાર અને નિષ્ફળતા છુપાવવા માટે આ સરકાર દ્વારા દરેક રીતે કોંગ્રેસ દ્વારા જે પ્રશ્નો ઉઠાવવામાં આવે છે જે રજૂઆતો કરવામાં આવે છે, જે ચર્ચામાં ભાગ લેવાનો હોય તેમાં સમય નથી આપવામાં આવતો, જાણી જોઇને નિષ્ફળતાઓ ઉજાગર ના થાય તેવા પ્રયત્નો પણ થાય છે અને એટલે જ કોંગ્રેસના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આજના દિવસની કાર્યવાહીમાં જાણકાર, સલાહકાર સમિતિમાં નક્કી થયેલા એજન્ડા હતો, નિયમ ૧૧૬ હેઠળ જે સભ્યો દ્વારા નોટીસ આપવામાં આવી હોય તે સભ્યોને પ્રશ્નો પૂછવા માટેની તક મળે અને જે જવાબ હોય તેના આધારે મંત્રી વિગતવાર વાત કરતા હોય."

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "સમગ્ર રાજ્યમાં જે છેલ્લા ત્રણ દાયકાથી ભાજપના શાસનમાં જે દારુની બદી વધી છે, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વધી છે, છેલ્લા દસકામાં ડ્રગ્સની પ્રવૃત્તિ વધી છે. તેમાં પહેલા ડ્રગ્સ કચ્છના દરિયાકાંઠે લેન્ડ થતું, આગળ વધીને હવે સૌરાષ્ટ્રમાં પોરબંદર- વેરાવળમાં પણ પકડાય છે, હવે તો દક્ષિણ ગુજરાતમાં પણ વલસાડ કે હજીરાના દરિયાકિનારે પકડાય છે, જેનો સ્પષ્ટ મતલબ છે કે ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સનું લેન્ડીંગ હબ બની ગયો છે. ડ્રગ્સ લેન્ડ તો ગુજરાતમાં થાય છે પણ સાથે દિવસે દિવસે અનેક એવી ફેક્ટરીઓ પણ પકડાય છે જેમાં ટેબ્લેટ કે અન્ય સ્વરૂપોમાં ડ્રગ્સને પેકિંગ કરીને દેશવિદેશમાં મોકલવામાં આવે છે.

થોડા દિવસ પહેલા સુરતમાં ડ્રગ્સના પેડલર પકડાયા, રાજકોટમાં પકડાયા. અલગ અલગ જગ્યાએ ડ્રગ્સ પકડાયું તેમાં જે હકીકતો બહાર આવી તેમાં આ બદી ચાની કીટલીથી લઈને ભજીયાની દુકાન સુધી પહોંચી ગઈ છે. ત્યારે સૌના માટે ચિંતાનો વિષય છે કે ડ્રગ્સના નશામાં કોઈ સપડાય તો એ યુવાનની જિંદગી તો બરબાદ થાય જ છે પણ તેના સમગ્ર પરિવારને તહેસનહેસ કરી નાખે છે. નશામાંથી બહાર નીકળવું અઘરું છે. જયારે દારૂથી જ આખા ગુજરાતમાં યુવાધન બરબાદ થઇ રહ્યું છે, નાની ઉંમરે બહેન દીકરીઓ વિધવા બની રહી છે, આખી સમાજ વ્યવસ્થાને અસર થાય છે ત્યારે આ ડ્રગ્સના દુષણનો વધારો થયો. એટલા જ માટે વારંવાર અમે વિધાનસભામાં કહ્યું કે તેના માટે વિધાનસભામાં મોકળાશથી

ચર્ચા થવી જોઈએ અને પૂરો સમય આપવો જોઈએ જેથી ગુજરાતના સમાજ જીવનના આયનાનું પ્રતિબિંબ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગૃહમાં રજુ કરી શકે અને તેના માટે કોઈ દિશા નક્કી થાય."

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "આજે ૧૧૬ ની નોટીસમાં અચાનક રાજ્યના ગૃહમંત્રી લાજવાને બદલે ગાજવા લાગ્યા કે, 'આવો અમે ચર્ચા કરવા તૈયાર છીએ, જેટલી પણ ચર્ચા કરવી હોય, જે બોલવું હોય, જે આક્ષેપો હોય તેનો હું જવાબ આપવા તૈયાર છું'. તો આ આક્ષેપો કોઈએ ઘરથી ઘડેલા નથી, કોઈની સાથે ફોટા પડ્યા એટલે આક્ષેપ થયા, ક્યાંક તમારા નજીકના માણસો ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સપડાયેલા પકડાયા એટલા માટે આક્ષેપો થયા, જે આંકડા આવ્યા છે તેના આધારે આક્ષેપો થયા છે. આજે પણ અમે ગૃહના ફ્લોર પર કહ્યું છે કે આ ગુજરાતના ભવિષ્ય સાથે જોડાયેલો પ્રશ્ન છે. ઉડતું ગુજરાત ના બને તેની ચિંતા તમને અને અમને છે.

જો તમે ખરી પ્રમાણિકતાથી ચર્ચા કરવા માંગતા હોવ તો આવતીકાલે એક દિવસ સત્ર વધારો અને બધા જ ૧૮૨ ધારાસભ્યોને ઉડતા ગુજરાત ના બને, ગુજરાતમાં નશાબંધીનો કાયદો કડક રીતે અમલી થાય તેના માટે ચર્ચા કરવાનો મોકલાશથી સમય આપો. પણ એવો સમય નથી આપવો. તેમને તો કોઈ નિયમોની જોગવાઈ મુજબ કોઈ સભ્ય પ્રશ્ન પૂછે તેની સામે મંત્રી વાહવાહી કરતું ભાષણ કરવું છે. એટલે જ આજે અમે સ્પીકર શ્રીને સ્પષ્ટ કહ્યું કે નિયમ ૧૧૬ છે, તેની મર્યાદાઓ છે, તેની જોગવાઈઓ છે. તેમાં અમે આટલા ગંભીર વિષય પર ચારેય તરફ જે ખોટું થઇ રહ્યું છે, ભ્રષ્ટાચાર અને મિલીભગત ચાલી રહી છે તેના પર ચર્ચા કરવા અમને સમય મળી શકે. આવતીકાલે એક દિવસનું સત્ર વધારો અને આખો દિવસ આ બાબત પર ચર્ચા કરો.

મારી રાજ્ય સરકારને ચેલેન્જ છે, ગૃહ વિભાગનો હવાલો સંભાળતા રાજ્યના મુખ્યમંત્રી શ્રીને પણ ચેલેન્જ છે કે આવતીકાલે એક દિવસનું સત્ર બોલાવો, ૧૮૨ ધારાસભ્યોને ચર્ચા કરવાનો પુરતો અવકાશ આપો અને આખા ગુજરાતમાં જે છડેચોક પાણી નથી મળતું પણ દારુ મળે છે, ડ્રગ્સનો વેપાર થઇ રહ્યો છે, યુવા પેઢી બરબાદ થઇ રહી છે અને આ બધું જ થવા પાછળનું એકમાત્ર કારણ આ રાજ્યની ભાજપની મિલીભગત અને હપ્તાખોરી જવાબદાર છે. જો તમે સાચા હોવ, તમારી ઇચ્છાશક્તિ હોય, તમે પ્રમાણિક છો તો ચર્ચા માટે આવો. અમારી પાસે પણ પુરાવાઓ અને હકીકતો છે. જમીની હકીકતો છે તે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રજુ કરશે."

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "આજે તો મંત્રીશ્રીને પોતાનું ભાષણ લાઈવ કરવાની ઘેલછા હતી, એટલા માટે જ અમે પ્રશ્નો નથી પૂછ્યા કે ખાલી તમારી પ્રસિદ્ધિ માટે આ વિધાનસભાના ફ્લોરનો ઉપયોગ નહીં કરવા દઈએ, એટલી જ હિમ્મત અને તાકાત હોય તો આવતીકાલે સત્ર બોલાવો. આખો દિવસ આ ડ્રગ્સ બંધી, નશાબંધી કાયદાના ગુજરાતમાં જે લીરેલીરા ઉડે છે. જે હપ્તાખોરીનું રાજ ચાલે છે. પોલીસ સ્ટેશનથી મુખ્યમંત્રી કાર્યાલય સુધી હપ્તા પહોંચે છે. તેની જો પૂરી ચર્ચા કરવી હોય તો આખી ચર્ચા લાઈવ કરો. અમે ચર્ચામાં ભાગ લેવા તૈયાર છીએ, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે.

ગુજરાત અને દેશ દુનિયા પણ જાણશે કે ગુજરાત જે ઉડતા ગુજરાત બનવા તરફ આગળ વધી રહ્યું છે તેના માટે સાચા અર્થમાં કોણ જવાબદાર છે. અમે સ્પીકરશ્રીને પણ વિનંતી કરી છે, સરકારને પણ કહીએ છીએ કે આવતીકાલે એક દિવસ સત્ર વધારો, આખો દિવસ ગુજરાતમાં નશાબંધીના કાયદા, દારુ- ડ્રગ્સ અને અનૈતિક પ્રવૃત્તિઓ એ વિષય પર ચર્ચા કરો અને તેનું લાઈવ પ્રસારણ કરો એટલે જે લોકો લાજવાને બદલે ગાજતા હતા તેની સાચી હકીકતો અને કોણ આમાં મેળાપીપણા ધરાવે છે, તે સૌ કોઈ જાણી શકે, તે સમગ્ર હકીકત બહાર આવી શકે તેવી અમે માંગણી કરીએ છીએ."

સૌમિલ રાવલ
(વિધાનસભા કોંગ્રેસ પક્ષ કાર્યાલય)
9979737880